કોર્પોરેશનના વિભાગો વચ્ચે અસંકલનનું ઉત્તમ ઉદાહરણ

દિવાળીપુરામાં નવો રોડ ગટર લાઈન માટે ફરી ખોદાયો

વર્ષ ૨૦૨૪માં કાર્પેટ થયેલા અને ૨૦૨૫માં કમ્પ્લીશન મેળવેલા રસ્તા પર પૂરના ભંગાણ બાદ ડિઝાસ્ટર ગ્રાન્ટથી શ્રેણિક પાર્ક સુધી નવી લાઇનનું કામ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરામાં વહીવટી તંત્રની અસંકલિત કામગીરીના કારણે પ્રજાના પરસેવાની કમાણી કઈ રીતે વેડફાઈ રહી છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં કોર્ટ પાસેના રોડ પર ફરીથી ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે, જેના કારણે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા નવા રસ્તાઓની ગુણવત્તા અને તંત્રના આયોજન સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા કોર્પોરેશનના રો ડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪ દરમિયાન દિવાળીપુરા કોર્ટ પાસેના રોડ પર કાર્પેટિંગની કામગીરી કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૫માં ફૂટપાથ સહિતના તમામ વિકાસ કાર્યો પૂર્ણ થયા બાદ આ પ્રોજેક્ટ માટે કમ્પ્લીશન સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું હતું. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જે રોડ થોડા જ સમય પહેલા નવો બનાવવામાં આવ્યો હતો, ત્યાં હવે ગટર અને વરસાદી લાઈનના ભંગાણના કારણે મોટા ભુવા પડવાથી ફરીથી ખોદકામ કરવાનો વારો આવ્યો છે. સ્થિતિ એવી છે કે વર્ષ ૨૦૨૪માં સર્જાયેલી પૂરની પરિસ્થિતિ દરમિયાન દિવાળીપુરા વિસ્તારની ગટર લાઈનમાં મોટી માત્રામાં ભંગાણ સર્જાયું હોવાનું સામે આવ્યું હતું. આ નુકસાનને સુધારવા માટે ડિઝાસ્ટરની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, જે ગ્રાન્ટ મળ્યા બાદ હવે અહીં યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલ દિવાળીપુરા ગામથી લઈને કોર્ટવાળા રોડ થઈને શ્રેણિક પાર્ક સુધી નવી લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આ સમગ્ર મામલે કોર્પોરેશનની કામગીરી સામે સ્થાનિક સ્તરેથી ભારે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. નિયમ અનુસાર રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર પાસે પાંચ વર્ષ સુધીની ગેરંટી કે ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ હોય છે, જે હજુ ચાલુ હોવા છતાં આ પ્રકારે નવો રોડ ખોદવો પડ્યો છે. જો કોર્પોરેશનના રોડ વિભાગ અને ડ્રેનેજ વિભાગ જેવા વિવિધ વિભાગો પરસ્પર યોગ્ય સંકલન રાખીને કામ કરે તો પ્રજાના ટેક્સના પૈસાનો આ પ્રકારે બગાડ અટકાવી શકાય. હાલ આ નવી ગટર લાઈન નાખવાની કામગીરી પૂર્ણ થયા બાદ ફરીથી આ રસ્તાને ન વેસરથી કાર્પેટ કરવો પડશે અથવા તો તેના પર થીગડા મારવા પડશે, જેના કારણે મ્યુનિસિપલ તંત્રને આર્થિક નુકસાન તો સહન કરવું જ પડશે સાથે સાથે સામાન્ય નાગરિકોને પણ ભારે ટ્રાફિક સમસ્યાઓ અને હાલાકીનો સામનો કરવો પડશે તે નિશ્ચિત છે.

ફાઇન આર્ટ્સ ફેકલ્ટી ખાતે પ્રિન્સ અશોકરાજે સ્કૂલ દ્વારા પેઇન્ટિંગ એક્ઝિબિશન

■ પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ શાળા, દેવ્યાની રાજે ગાયકવાડ શાળા તથા "શ્રીજી આર્ટ ઇન્સ્ટિટ્યૂટ "ના વિદ્યાર્થીઓ દ્વારા ચિત્રકલાનું પ્રદર્શન "એક્સપ્રેશન" ફાઇન આર્ટ્સ ફેકલ્ટી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

એક્સિલેટર પર પગ ફસાઈ જતાં વાહન બેકાબૂ બન્યું

ફૂલવાડી નવાયાર્ડ ચોકી પાસે બોલેરો અને ભારત પેટ્રોલિયમ ટેન્કર વચ્ચે અકસ્માત

ટક્કરને કારણે વાહનને ભારે નુકસાન : ઘટનાસ્થળે લોકોનાં ટોળાં એકત્રિત થયાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૯ ફૂલવાડી નવાયાર્ડ ચોકી વિસ્તારમાં આજે અકસ્માતની એક ગંભીર ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડ્રાઇવરની નાની એવી લાપરવાહી કે અસાવધાનીના કારણે વાહન બેકાબૂ બન્યું હતું અને ભારત પેટ્રોલિયમની ઓઈલ ટેન્કર સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં વાહનને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, પરંતુ સદ્ભાગ્યે કોઈ જાનહાનિના સમાચાર નથી. પ્રત્યક્ષદર્શીઓ અને પોલીસ સૂત્રો પાસેથી મળેલી પ્રાથમિક માહિતી મુજબ, બોલેરો વાહનના ચાલકનું વાહન પરથી અચાનક નિયંત્રણ છૂટી ગયું હતું. વાહનચાલકનો પગ ભૂલથી બ્રેકને બદલે સીધો જ એક્સિલેટર પર આવી જતાં વાહન અનિયંત્રિત ગતિએ આગળ વધ્યું હતું.

પરિસ્થિતિ પર કાબૂ મેળવવો ચાલક માટે અશક્ય બનતા આ વાહન ત્યાંથી પસાર થઈ રહેલી ભારત પેટ્રોલિયમ કંપનીની ટેન્કર સાથે જોરદાર ટક્કરગ્રસ્ત થયું હતું. ટક્કરનો અવાજ એટલો જોરદાર હતો કે આસપાસના રહીશો અને રાહદારીઓ ગભરાઈને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતની આ ઘટનામાં બોલેરો વાહનના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો છે અને તેને ભારે નુકસાન પહોંચ્યું છે. જોકે, પેટ્રોલિયમ ટેન્કર જેવું જ્વલનશીલ પદાર્થ વહન કરતું વાહન સામે હોવા છતાં, કોઈ મોટો ધડાકો કે આગ લાગવાની ઘટના ન સર્જાતા સ્થાનિક લોકો અને વહીવટી તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે જો ટક્કર થોડી વધુ ગંભીર હોત તો પરિસ્થિતિ વણસી હોત.

પ્રાથમિક શિક્ષક સંઘની માંગ

કેન્દ્રની જેમ રાજ્યના કર્મચારીઓને પણ 3% મોંઘવારી ભથ્થું આપો

મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત, 1લી જુલાઇ 2026થી લાભ આપવા અને એરિયર્સ ચૂકવવા રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ અને પેન્શનરો માટે 3% મોંઘવારી ભથ્થા (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર) માં વધારો જાહેર કર્યા બાદ ગુજરાતમાં પણ આ જ ધોરણે વધારો આપવા માંગ ઉઠી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ ડી. જાડેજા અને મહામંત્રી જૈમિનકુમાર એન. પટેલ દ્વારા લખાયેલા પત્રમાં જણાવાયું છે કે, કેન્દ્ર સરકારના આ નિર્ણયથી લાખો કર્મચારીઓને મોંઘવારી સામે આર્થિક રાહત મળશે. પત્રમાં જણાવાયું છે કે, હાલના સમયમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારાને કારણે કર્મચારીઓ અને પેન્શનરોના ઘરખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે. ત્યારે કેન્દ્રની જેમ ગુજરાત રાજ્યના તમામ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને પણ 3% મોંઘવારી ભથ્થા અને રાહતનો વધારો મળવો અત્યંત જરૂરી છે. સંઘે માંગ કરી છે કે, આ વધારો તા. 1લી જુલાઈ, 2026થી અમલમાં આવે તે રીતે તાત્કાલિક જાહેર કરવામાં આવે અને જુલાઈ માસથી થતી એરિયર્સની રકમ પણ ચૂકવવામાં આવે. કર્મચારીઓ અને પેન્શનરોને દિવાળી અને નવા વર્ષની આર્થિક ખુશી અને રાહતની ભેટ મળે તેવી અપેક્ષા વ્યક્ત કરાઈ છે. સંઘે વધુમાં રજૂઆત કરી છે કે, મોંઘવારી ભથ્થામાં વધારો એ કર્મચારીઓ અને પેન્શનરો માટે માત્ર વધારાની આવકનો વિષય નથી, પરંતુ વધતા જીવનનિર્વાહના ખર્ચ સામે આર્થિક સંતુલન જાળવવાનું મહત્વપૂર્ણ સાધન છે.

કેસર સ્નાન અને મહાપૂજાથી ગુંજ્યું મંદિર પરિસર, રાત્રે ચંદ્રદર્શન બાદ મહાઆરતીનું ભવ્ય આયોજન

વડોદરાના રિદ્ધિ સિદ્ધિ વિનાયક મંદિરે સંકષ્ટ ચતુર્થી અને કરવા ચોથની અદભુત ઉજવણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૯ શહેરના ઐતિહાસિક અને આસ્થાના કેન્દ્ર સમાન અમદાવાદી પોળ વિસ્તારમાં આવેલી ભાઉ કાળેની ગલી ખાતેના સુપ્રસિદ્ધ શ્રી રિદ્ધિ સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરે આજે સંકષ્ટ ચતુર્થી અને કરવા ચોથના પવિત્ર અવસરે ભક્તિભાવનો માહોલ જોવા મળ્યો હતો. ગણપતિ આરાધના અને સૌભાગ્યના આ મહાપર્વ નિમિત્તે વહેલી સવારથી જ મંદિરમાં ભક્તોની ભીડ જામી હતી. પર્વની શરૂઆત વહેલી સવારે ભગવાન શ્રી ગણેશને વિધિવત કેસર સ્નાન કરાવવા સાથે થઈ હતી. ત્યારબાદ સવારે નવ વાગ્યે ભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહીને આશીર્વાદ મેળવ્યા હતા. મંદિરના પૂજારી શૈલેશ મહારાજે માહિતી આપતા જણાવ્યું હતું કે, સંકષ્ટ ચતુર્થી એ ભગવાન શ્રી ગણેશની આરાધના માટે અત્યંત

મહત્ત્વપૂર્ણ દિવસ છે. આ દિવસે ભક્તો ઉપવાસ રાખીને ગણેશજીની પૂજા કરે છે જેથી પરિવારના તમામ વિઘ્નો દૂર થાય. બીજી બાજુ, ભારતીય સનાતન પરંપરામાં અત્યંત લોકપ્રિય એવું કરવા ચોથનું વ્રત પતિના દીર્ઘાયુષ્ય, સ્વાસ્થ્ય અને દાંપત્ય જીવનની સુખ-સમૃદ્ધિની કામના સાથે આચરવામાં આવ્યું હતું. અસંખ્ય મહિલાઓએ સૂર્યોદયથી શરૂ કરીને નિર્જળા ઉપવાસ રાખ્યા હતા. પરંપરાગત રીતિ-રિવાજ મુજબ, રાત્રે ચંદ્રદર્શન કર્યા બાદ ચંદ્રદેવને અર્ઘ્ય અર્પણ કરી અને પતિના હાથે પાણી ગ્રહણ કરીને મહિલાઓ પોતાના વ્રતની પૂર્ણાહુતિ કરશે. પૂજારી શૈલેશ મહારાજે જણાવ્યું હતું કે, આજના દિવસે રાત્રે ૮ વાગને ૪૩ મિનિટે ચંદ્રદર્શનનો નિર્ધારિત સમય છે, જેને ધ્યાનમાં રાખીને મંદિરમાં ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના સુંદર નવીનીકરણ બાદ ભક્તો માટે દર્શન અને પૂજાની ઉત્તમ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે, ત્યારે આ પવિત્ર અવસરે વધુમાં વધુ ભક્તોને મંદિરમાં પધારી દર્શનનો લાભ લેવા અનુરોધ કરાયો છે. વિઘ્નહર્તા અને મંગલકર્તા ગણપતિ દાદાના ચરણોમાં શીશ નમાવીને ભક્તોએ પોતાના જીવનનાં સંકટો નિવારીને પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેવી હાર્દિક પ્રાર્થનાઓ કરી હતી.

બેકરી ઉત્પાદનોની ગુણવત્તા પર સવાલો ઉઠ્યા

તાંદલજા વિસ્તારમાંથી ખરીદેલા બ્રેડના પેકેટમાંથી માખી નીકળી

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 વડોદરા શહેરમાં ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. તાંદલજા વિસ્તારમાં આવેલી એક દુકાનમાંથી ગ્રાહકે ખરીદેલા બ્રેડના પેકેટમાંથી જીવાત માખી નીકળવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટનાને લઈને સ્થાનિક ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તાંદલજા વિસ્તારના એક ગ્રાહકે સ્થાનિક દુકાનમાંથી Super Bakers કંપનીનું આટા હોલ વ્હીટ બ્રેડનું પેકેટ ખરીદ્યું હતું. જ્યારે ગ્રાહક ઘરે જઈને પેકેટનું નિરીક્ષણ કર્યું, ત્યારે પેકેટની અંદર બ્રેડ સાથે એક માખી મૃત કે ફસાયેલી હાલતમાં નજરે પડી હતી. આ સીલબંધ પેકેટમાં જીવાત નીકળતા સ્પષ્ટ થાય છે કે બેકરીમાંથી પેકિંગ કરતી વખતે ગુણવત્તા અને સ્વચ્છતાની બાબતમાં ભારે બેદરકારી દાખવવામાં આવી છે. પેકેટ પર છપાયેલી વિગતો મુજબ આ પ્રોડક્ટ Super Bakers આજવા રોડ, વડોદરા દ્વારા ઉત્પાદિત કરવામાં આવી છે. સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી આવી કંપનીઓ અને બેકરી સંચાલકો સામે ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રાહકોની માંગ છે.

સુરતથી ટ્રાન્સફર મેળવવા ચિરાગ પંડ્યાની અરજી કોર્ટ દ્વારા નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 વડોદરાની જેલમાં ટ્રાન્સફર થવાની માંગણી કરતા હત્યાના આરોપી ચિરાગ પંડ્યાને કોર્ટમાંથી ઝટકો લાગ્યો છે. પરિવારની મુલાકાત સરળ બને અને પોતાના જીવને જોખમ હોવાની દલીલ સાથે આરોપીએ કરેલી અરજી કોર્ટે ફગાવી દીધી છે. સુનાવણી દરમિયાન સામે આવ્યું હતું કે, ચિરાગ પંડ્યાએ અગાઉ વડોદરા જેલમાં કેદીઓ સાથે મારામારી કરી હતી અને ગેરકાયદે મોબાઈલ ફોન રાખ્યો હોવાનો રિપોર્ટ પણ હતો. આ ઉપરાંત આરોપીનો ભાઈ પણ વડોદરા જેલમાં બંધ હોવાથી બંને ભેગા મળીને જેલમાં ગેરપ્રવૃત્તિ આચરે અથવા અશાંતિ ફેલાવે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. સરકારી વકીલે કોર્ટ સમક્ષ દલીલો રજૂ કરી હતી કે, જેલના નિયમોનું ઉલ્લંઘન કરનારા કેદીને અન્ય જેલમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવાથી જેલની સુરક્ષા અને શિસ્ત સામે પ્રશ્નો ઊભા થઈ શકે છે.

હોસ્પિટલ સામે જ રોંગ સાઇડનો જોખમી પ્રવાસ

સારાભાઈ કેમ્પસ નજીક ખોદકામથી વાહનચાલકોમાં સતત અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા હરિનગર બ્રિજ પાસે સારાભાઈ કેમ્પસ અને સાંઈબાબા મંદિર નજીક ચાલી રહેલી બેદરકાર કામગીરીના કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ડ્રેનેજ અને અન્ય કામગીરીના પાપે રસ્તાની એક બાજુનો માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોવાઈ ગઈ છે. એક બાજુ કામગીરી ગોકળગતિએ ચાલી રહી છે, તો બીજી બાજુ ગોત્રી હોસ્પિટલની બહારથી અવરજવર કરતા વાહનચાલકો મજબૂર થઈને રોંગ સાઈડ પર વાહન ચલાવવા માટે વિવશ બન્યા છે. હોસ્પિટલની બરાબર સામે જ અકસ્માતોનું પ્રમાણ વધી ગયું છે, પરિસ્થિતિ એવી સર્જાઈ રહી છે કે અકસ્માત નડે અને તરત

જ ઈજાગ્રસ્તને સીધા હોસ્પિટલમાં જ સારવાર માટે દાખલ કરવા પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, એક તરફ જીઈબી અને બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ લાઈનની કામગીરી અધૂરી મૂકી દેવામાં આવી છે અથવા તો કાચબાની ગતિએ ચલાવવામાં આવી રહી છે. તંત્રની આ ઉદાસીનતાના કારણે રોજબરોજ અકસ્માતોનો ભય તોળાઈ રહ્યો છે. આગામી તહેવારો અને દિવાળી નજીક આવી રહી છે ત્યારે વાહનચાલકોમાં રોષ ફેલાયો છે.

૩.૯૭,૬૪૦ના મુદ્દામાલ સાથે યુવકની ધરપકડ

પદમલાના ઘરમાંથી ૪૮૦ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 વડોદરા શહેરમાં દારૂની ગેરકાયદે હેરાફેરી સામે પોલીસની કાર્યવાહી વચ્ચે પદમલા ગામના અવધનગરમાં મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. છાણી પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ભારતીય બનાવટની વિદેશી દારૂની 480 ક્વાર્ટર બોટલ કબજે કરી છે. પોલીસે દારૂના જથ્થા સાથે એક યુવકને ઝડપી લીધો હતો, જ્યારે આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય એક શખસને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.પોલીસના જણાવ્યા અનુસાર, પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર સહિતના ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી છાણી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર આર.એલ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ ખોડાભાઈ અને સુનિલસિંહ જશુજીને બાતમી મળી હતી કે પદમલા-રણોલી સ્ટેશન રોડ પર આવેલા અવધનગરમાં વિવેક ગુપ્તાએ પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો છે.આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને મકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન વિવેકભાઈ રામજનમ ગુપ્તા (ઉ.વ. 24), રહે. ક્રિષ્ના વિલા સોસાયટી, દશરથ ગામ, વડોદરા મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. મકાનમાંથી પાંચ મોટાં બોક્સમાં રાખેલાં દસ નાનાં બોક્સ મળી આવ્યાં હતાં. તેમાંથી રોયલ ચેલેન્જ વ્હિસ્કીની 384 અને સનકિક વ્હિસ્કીની 96 બોટલ મળી 480 ક્વાર્ટર દારૂ મળી આવ્યો હતો. દારૂની કિંમત રૂ. 92,640 આંકવામાં આવી છે. પોલીસે દારૂ ઉપરાંત રૂ. 5 હજારનો મોબાઈલ ફોન મળી રૂ. 97 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં લોકેશ ગોવિંદભાઈ નરગેશ, રહે. કૈલાશપતિ સોસાયટી પાછળ, રણોલી ગામ, વડોદરાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે તેની શોધખોળ હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

વિવાદાસ્પદ દરખાસ્ત આગામી શુક્રવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી માટે રજૂ થશે

ઉત્તર ઝોનમાં રૂ.૫ કરોડના RCC રોડ ઈજારામાં મુદત પહેલા જ મર્યાદા બમણી કરવા દરખાસ્ત

ફેબ્રુઆરી ૨૦૨૫માં અપાયેલા વર્ક ઓર્ડરની મુદત ૧ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ પૂર્ણ થવાની છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોનમાં આરસીસી રસ્તાઓ બનાવવાના વાર્ષિક ઈજારાને લઈને વહીવટી વર્તુળોમાં મોટો વિવાદ ઊભો થયો છે. અગાઉ ફાળવવામાં આવેલી રૂ. ૫ કરોડની નાણાકીય મર્યાદામાંથી હજુ સુધી માત્ર રૂ. ૨.૯૯ કરોડનો જ ખર્ચ થયો હોવા છતાં, ઈજારદારની નાણાકીય મર્યાદામાં વધુ રૂ. ૫ કરોડનો વધારો કરવાની દરખાસ્ત મૂકવામાં આવતા અનેક સવાલો ઉભા થયા છે. ઘટનાની વિગતો મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૫માં કોન્ટ્રાક્ટર કૌશલ દેવીદાસ હરપલાનીને ઉત્તર ઝોનમાં આરસીસી રસ્તાઓ બનાવવા માટે રૂ. ૫ કરોડની નાણાકીય મર્યાદામાં કામ કરવાનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. આ વાર્ષિક ઈજારાની મુદત આગામી ૧ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ પૂર્ણ થવાની છે.

જોકે, ઈજારાની મુદત પૂરી થવામાં હજુ ત્રણ મહિના જેટલો સમય બાકી છે અને મૂળ રૂ. ૫ કરોડની મર્યાદામાંથી હજુ રૂ. ૨.૦૪ કરોડની રકમ બાકી હોવા છતાં, ઉત્તર ઝોનના કાર્યપાલક ઈજનેર દ્વારા જૂના ઈજારદારની નાણાકીય મર્યાદા બમણી એટલે કે તેમાં વધુ રૂ. ૫ કરોડનો વધારો કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. સામાન્ય રીતે નિયમ મુજબ, વાર્ષિક ઈજારાની મુદત પૂર્ણ થતી હોય ત્યારે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને નવો કોન્ટ્રાક્ટ ફાળવવાની વ્યવસ્થા હો ય છે. પરંતુ આ કેસમાં મુદત પૂર્ણ થવાના ત્રણ મહિના અગાઉ જ જૂના કોન્ટ્રાક્ટરની નાણાકીય મર્યાદા વધારવાની દરખાસ્ત સામે આવતા ચર્ચાનો દોર શરૂ થયો છે. અગાઉ ફાળવેલી રૂ. ૫ કરોડની મર્યાદા પણ હજુ પૂરેપૂરી વપરાઈ નથી, ત્યારે વધારાના રૂ. ૫ કરોડની જરૂરિયાત ઊભી થવા પાછળનું ચોક્કસ કારણ શું છે? તે અંગે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. આ વિવાદાસ્પદ દરખાસ્ત આગામી શુક્રવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂરી માટે રજૂ થવાની છે. સ્થાયી સમિતિની આ બેઠકમાં આ દરખાસ્તને મંજૂરી મળે છે કે કેમ અને કોર્પોરેશનના સભ્યો આ અંગે શું નિર્ણય લે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

વહીવટી પ્રક્રિયા સામે સવાલો

પૂર્વ ઝોનમાં જૂના કોન્ટ્રાક્ટરને જ 3 માસના એક્સટેન્શનની દરખાસ્ત

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા પૂર્વ ઝોનમાં ફૂટપાથ, સર્વિસ ટ્રેક અને પાર્કિંગમાં પેવર બ્લોક લગાવવાના વાર્ષિક ઈજારાને લઈને વહીવટી પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. અગ્રવાલ કન્સ્ટ્રક્શનને આપવામાં આવેલા વાર્ષિક ઈજારાની મુદત ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. તેમ છતાં, નવો ઈજારા કરવાના બદલે જૂના કોન્ટ્રાક્ટરની સમયમર્યાદા વધુ ત્રણ મહિના વધારવાની દરખાસ્ત ઓક્ટોબર મહિનામાં સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે. રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા પૂર્વ ઝોનમાં ફૂટપાથ, સર્વિસ ટ્રેક તેમજ પાર્કિંગ માટે પેવર બ્લોકથી પેવિંગ કરવાની કામગીરી માટે રૂ. ૬ કરોડની નાણાકીય મર્યાદામાં વાર્ષિક ઈજારો આપવામાં આવ્યો હતો. જૂન ૨૦૨૫થી અગ્રવાલ કન્સ્ટ્રક્શનના ભાવપત્રકને મંજૂરી આપવામાં આવી હતી.

આ ઈજારા હેઠળ રૂ. ૪.૨૫ કરોડનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો, જ્યારે રૂ. ૧.૭૫ કરોડની રકમની બચત રહી હતી. અગ્રવાલ કન્સ્ટ્રક્શનના વાર્ષિક ઈજારાની મુદત ઓગસ્ટમાં પૂરી થઈ હોવા છતાં, ઓક્ટોબરમાં દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મૂકાતા વહીવટી પ્રક્રિયા સામે સવાલો ઊભા થયા છે. આ ઈજારાની મુદત ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. હવે મંજૂર થયેલા ભાવ અને શરતો મુજબ ઈજારાની સમયમર્યાદા વધુ ત્રણ મહિના લંબાવવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

૩૯ ટકા ઊંચા ભાવે કામ આપી તંત્રએ દરખાસ્ત સ્થાયી સમિતિમાં મોકલી

સંકલ્પ ભૂમિ પાસે નદી પર સ્ટીલ બ્રિજ બનાવી પાણીની લાઈન શિફ્ટ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29 વડોદરા શહેરમાં વહીવટી તંત્રની બેદરકારી અને આયોજનના અભાવને કારણે પ્રજાના નાણાંનો કેવી રીતે વેડફાટ થાય છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શહેરના વોર્ડ નંબર ૩ અંતર્ગત સંકલ્પ ભૂમિ પાસે વિશ્વામિત્રી નદીમાંથી પસાર થતી સયાજીબાગ ટાંકીની પાણીની લાઈનોના શિફ્ટિંગ પાછળ અંદાજિત રકમ કરતાં અંદાજે ૭૮.૪૧ લાખ રૂપિયાનો વધારાનો ખર્ચ થયો હોવાનું બહાર આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વોર્ડ નંબર ૩માં વિશ્વામિત્રી નદીની અંદરથી બે પાણીની લાઈનો પસાર થતી હતી, જે અવારનવાર લીકેજ થવાની ગંભીર સમસ્યા સર્જતી હતી. ખાસ કરીને ચોમાસાની ઋતુ દરમિયાન નદીમાં પાણીનું સ્તર વધી જવાથી આ લાઈનોના સમારકામ કે મેન્ટેનન્સની કામગીરીમાં ભારે મુશ્કેલીઓ નડતી હતી. આ ઉપરાંત, સતત થતા લીકેજને લીધે સ્થાનિક વિસ્તારોમાં દૂષિત પાણી પૂરું થવાની અને લો-પ્રેશરથી પાણી મળવાની ફરિયાદો પણ સતત વધતી જતી હતી, જેને પગલે આ લાઈનોને શિફ્ટ કરવી અત્યંત અનિવાર્ય બની ગઈ હતી. આ મામલે કોર્પોરેશન દ્વારા જીપીએમસી એક્ટની કલમ ૬૭-૩(સી) હેઠળ ગત ૩૦ મે ૨૦૨૫ના રોજ કામગીરી શરૂ કરાવવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શરૂઆતમાં રૂપિયા ૨,૦૧,૦૬,૪૨૬ નો અંદાજ નક્કી કરવામાં આવ્યો હતો. આ અંદાજ સામે ઈજારદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવતા ૬ જૂન ૨૦૨૫ના રોજ એ.કે. મેક ઈન્ફ્રા. પ્રા. લિ. નામના ઈજારદારે મૂળ અંદાજ કરતા ૪૭ ટકા ઊંચા ભાવની ઓફર રજૂ કરી હતી. ત્યારબાદ તંત્ર દ્વારા ભાવ ઘટાડા માટે ભાર મૂકવામાં આવતા આ ઈજારદારે અંતે અંદાજ કરતાં ૩૯ ટકા વધુ એટલે કે કુલ રૂપિયા ૨,૭૯,૪૭,૯૩૨ ની રકમથી આ કામગીરી પાર પાડવા માટે સંમતિ દર્શાવી હતી. તંત્ર દ્વારા આ વધેલી રકમ વ્યાજબી હોવાનું જણાવીને મંજરીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર યોજના અંતર્ગત સંકલ્પ ભૂમિ પાસે વિશ્વામિત્રી નદીની અંદર સ્ટીલનો ખાસ બ્રિજ બનાવીને પાણી અને ડ્રેનેજની લાઈનો સફળતાપૂર્વક શિફ્ટ કરવામાં આવી છે. જોકે, મૂળ અંદાજિત રકમ કરતાં ૭૮.૪૧ લાખ રૂપિયાનો જંગી વધારાનો ખર્ચ થતાં આ દરખાસ્ત હવે પાછળથી મંજૂરી અર્થે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે, જેને લઈને વહીવટી તંત્રના પ્રારંભિક અંદાજો સામે સવાલો ઉઠી રહ્યા છે.